પાટનગરનું પોતાનું અખબાર
ગાંધીનગર સમાચાર
Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૦૬ | ૨૬ જુન, ૨૦૧૯, બુધવાર; જયેષ્ઠ વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# રાજયસભાની બંને બેઠકોની અલગ-અલગ ચૂંટણી

**સુપ્રીમ કોર્ટ દ્વારા દરમિયાનગીરીની માંગ ફગાવાઈ : રાજ્યસભાની બે સીટો ઉપર અલગ અલગ ચૂંટણી કરવા માટે ચૂંટણી પંચને સુપ્રીમે લીલીઝંડી આપી : બંને સીટ પર ભારતીય જનતા પાર્ટીની જીત નિશ્ચિત**

નવી દિલ્હી,તા. ૨૫

ગુજરાતમાં રાજ્યસભાની ખાલી થયેલી બે સીટ પર એક સાથે ચૂંટણી યોજવાની માંગ કરીને સુપ્રીમ કોર્ટમાં પહોંચેલી કોંગ્રેસ પાર્ટીને આજે મોટો ફટકો પડ્યો હતો. કારણ કે સુપ્રીમ કોર્ટે આ મામલામાં કોઈ દરમિયાનગીરી કરવાનો ઈન્કાર કરી દીધો છે. સુપ્રીમ કોર્ટે મામલામાં દરમિયાનગીરી કરવાનો ઈન્કાર કરીને ચૂંટણી પંચને બે સીટો પર અલગ અલગ ચૂંટણી યોજવાને લીલીઝંડી આપી દીધી છે. સુપ્રીમ કોર્ટે ગુજરાત કોંગ્રેસને કહ્યુ છે કે ચૂંટણી જાહેરનામુ જારી કરવામાં આવ્યા બાદ હવે તેમાં દરમિયાનગીરી કરી શકાય નહીં. જો કોંગ્રેસ પડકાર ફેંકવા માટે ઈચ્છુક છે તો મોડેથી ચૂંટણી અરજી દાખલ કરી શકે છે. કોર્ટે કહ્યુ છે કે ચૂંટણી લડવા માટેની બાબત મૌલિક અધિકાર નથી. બલ્કે કાયદાકીય અધિકાર છે. આવી સ્થિતીમાં રીટ અરજી કરી શકે નહીં. અમિત શાહ અને સ્મૃતિ ઈરાની લોકસભાના સભ્ય બન્યા બાદ ખાલી થયેલી બંને સીટો માટે પાંચમી જુલાઈના દિવસે મતદાન યોજાનાર ચે. જો કે બંને સીટો માટે અલગ અલગ મતદાન થનાર છે. ચૂંટણી પંચ દ્વારા ૧૫મી જુનના દિવસે કાર્યક્રમ જાહેર કર્યોહતો. જેમાં બંને સીટો માટે પાંચમી જુલાઈના દિવસે ચૂંટણી યોજવા માટેની જાહેરાત કરી હતી. બંને સીટો પર અલગ અલગ ચૂંટણી યોજાઈ રહી છે જેથી ધારાસભ્ય એક વખતમાં બંને સીટો માટે મતદાન કરી શકશે નહીં. પંચના આ નિર્ણયની સામે ગુજરાત કોંગ્રેસના નેતા પરેશ ધાનાણી દ્વારા સુપ્રીમ કોર્ટમાં અપીલ કરવામાં આવી હતી. ભાજપ તરફથી વિદેશ પ્રધાન એસ જયશંકર અને ઓબીસી નેતા જુગલજી ઠાકોર ઉમેદવાર તરીકે છે. ગુજરાતમાં વિધાનસભાની કુલ ૧૮૨ સીટો રહેલી છે. પરંતુ હાલમાં તેના ૧૭૫ સભ્યો છે. ભાજપની પાસે ૧૦૦ સીટો છે. જ્યારે કોંગ્રેસની પાસે ૭૧ સીટો છે. હવે દરેક ધારાસભ્ય બે અલગ અલગ બેલેટથી મત આપશે.કોઈ ઉમેદવારને જીતી જવા માટે ૮૮ વોટની જરૂર રહેશે. કોંગ્રેસના ૭૧ ધારાસભ્ય છે. રાજ્યસભાની સીટો માટે સંબંધિત રાજ્યના ધારાસભ્યો મત આપે છે. આ ધારાસભ્યોમાંથી દરેક કોઈ બે સીટ માટે બે અલગ અલગ બેલેટથી મત આપશે. આવી સ્થિતિમાં કોઈપણ ઉમેદવારને જીતવા માટે ૮૮ મતની જરૂર રહેશે.

● અનુસંધાન પાન-૭ પર

## એક સાથે ચૂંટણી થઈ હોત તો કોંગીને ફાયદો

નવીદિલ્હી, તા. ૨૫

રાજ્યસભાની ચૂંટણીની ફોર્મ્યુલાને સમજવામાં આવે તો જાણી શકાય છે કે, અહીં એન એટલે જીત માટે જરૂરી મત છે જ્યારે ટીનો અર્થ કુલ વોટરની સંખ્યા (વિધાનસભામાં કુલ ધારાસભ્યોની સંખ્યા) અને એસ એટલે ખાલી જગ્યા (જેટલી સીટો ઉપર ચૂંટણી યોજાનાર છે તે) હોય છે . હવે ફોર્મ્યુલાને ગુજરાતમાં લાગૂ કરવામાં આવે તો ત્યાં હાલમાં કુલ ધારાસભ્યો ૧૭૫ છે. જો એક સાથે બંને સીટો પર ચૂંટણી થાય તો ફોર્મ્યુલા મુજબ જીત માટે જરૂરી મત એન=(૧૭૫/(૨+૧))+૧ એટલે કે (૧૭૫/૩)+૧ એટલે કે ૫૯.૩૩ ટકા મતની જરૂર હોય છે. આવી જ રીતે કોઈ ઉમેદવારની જીતવા માટે ૬૦ મતની જરૂર રહેશે. કોંગ્રેસની એક સીટ પર જીત થઈ શકી હોત. કારણ કે, પ્રદેશમાં તેના ૭૧ ધારાસભ્યો છે પરંતુ એક સાથે ચૂંટણી માટેની માંગણી ફગાવી દેવામાં આવી છે. ચૂંટણી પંચને બે સીટો ઉપર અલગ અલગ ચૂંટણી માટે લીલીઝંડી આપી દેવામાં આવી છે જેથી કોંગ્રેસની તકલીફ વધી છે.

## કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ આજથી બે દિવસીય જમ્મુ-કાશ્મીરના પ્રવાસે

**અમરનાથ યાત્રાની સુરક્ષા અંગે કરશે સમીક્ષા**

ન્યુ દિલ્હી,તા.૨૫

કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ આવતીકાલથી બે દિવસ માટે જમ્મુ કાશ્મીરના પ્રવાસે જઈ રહ્યા છે. તેઓ જમ્મુ કાશ્મીરમાં અમરનાથ યાત્રીની તૈયારી અંગે સમીક્ષા પણ કરશે.ગૃહ પ્રધાન બન્યા બાદ તેઓ પહેલીવાર જમ્મુ કાશ્મીરના પ્રવાસે જઈ રહ્યા છે.



તેઓ રાજ્યના સીઆરપીએફના ડીજી સાથે પણ બેઠક કરશે. આ પહેલા રાજ્યના રાજ્યપાલ સત્પપાલ મલિકે અમિત શાહ સાથે પહેલી જૂને મુલાકાત કરી. જમ્મુ કાશ્મીરની સ્થિતિ અંગે માહિતી આપી હતી.

૪૬ દિવસ સુધી ચાલનારી અમરનાથ યાત્રા શિવરાત્રીના દિવસે શરૂ થઈ રહી છે. જે ૧૫મી ઓગષ્ટના રોજ પૂર્ણ થવાની છે. અમરનાથ યાત્રાની સુરક્ષા માટે સીસીટીવી, ડોગ સ્ક્વોડ, જોઈન્ટ કન્ટ્રોલ રૂમ સહિત સીઆરપીએફની ટુકડીને પણ સજ્જ કરવામાં આવી છે.

આ ઉપરાતં જમ્મુ રેલવે સ્ટેશન પર પણ સુરક્ષા વધારવામાં આવી છે. કેમ કે, જમ્મુ રેલવે સ્ટેશન પર ૭૦ હજારથી વધારે યાત્રીઓ આવવાની સંભાવના છે. જમ્મુ રેલ્વે સ્ટેશન ઉપરાંત કટરા રેલવે સ્ટેશન, ટનલ અને રેલવે પુલની સુરક્ષામા પણ વધારો કરવામાં આવ્યો છે.


## એન્ટિગુઆ મેહુલ ચોકસીની નાગરિકતા રદ કરશે

**ભારતની જીત : પ્રત્યાર્પણના દબાણ વચ્ચે એન્ટીગુઆનો નિર્ણય : એક અપરાધીને રક્ષણ આપી શકાય નહીં : એન્ટીગુઆના વડાપ્રધાનની જાહેરાતથી મહેલ ચોકસી ભારે મુશ્કેલીમાં**

નવી દિલ્હી,તા. ૨૫

ફરાર કારોબારી મેહુલ ચોકસી પર સકંજો વધારે મજબુત કરવામાં આવી રહ્યો છે. પ્રત્યાર્પણના સતત દબાણનો સામનો કરી રહેલા એન્ટીગુઆના વડાપ્રધાને હવે ચોકસીની નાગરિકતાને રદ કરી દેવાનો નિર્ણય કર્યો છે. સાથે સાથે કહ્યુ છે કે તે અપરાધીને કોઈ રીતે સંરક્ષણ આપી શકે નહીં. મેહુલની નાગરિકતા રદ કરવામા આવ્યા બાદ તેને હવે ભારત પરત ફરવુ પડશે. પીએનબી કોંભાડના આરોપી મહેલુ ચોકસી પર ગંભીર પ્રકારના આરોપ છે. ભારત ચોકસીને પ્રત્યાર્પણ કરીને ભારત લાવવા માટે કટિબદ્ધ છે. થોડાક દિવસ પહેલા જ તપાસ સંસ્થાઓએ ચોકસીને બિમાર હોવાના દાવા બાદ એર એમ્બુલન્સમાં લાવવા માટેની પણ ખાતરી આપી હતી. ચોકસીએ હાલમાં ભારત આવવાનો ઈન્કાર કર્યો હતો. જો કે તપાસમાં સહકાર કરવાની ખાતરી આપી હતી.પંજાબ નેશનલ બેંકને ૧૪ હજાર કરોડ રૂપિયાનો ચુનો લગાવનાર હિરા કારોબારી મેહુલ ચોકસીને ભારત લાવવા માટે પ્રયાસો તીવ્ર બનાવવામાં આવ્યા છે. મુંબઈ હાઈકોર્ટે સોમવારે આ સંદર્ભમાં મોટો નિર્ણય કર્યો હતો. ચોકસીના આરોગ્યના સંદર્ભમાં કોર્ટને માહિતી આપવા માટે નિષ્ણાંતોની એક ટીમની રચના કરવામાં આવી ચુકી છે. આ ટીમના રિપોર્ટને જોઈને કોર્ટ નક્કી કરશે ચોકસી

● અનુસંધાન પાન-૭ પર



## ન્યુઝ ટ્રેક

### બ્રાયન લારા હોસ્પિટલમાં દાખલ

વેસ્ટઈન્ડિઝના પૂર્વ કેપ્ટન બ્રાયન લારાને મુંબઈની એક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. તેને છાતીમાં દુખાવાની ફરિયાદના કારણે હોસ્પિટલમાં દાખલ કરાયો છે. તેઓ એક કાર્યક્રમમાં ભાગ લેવા માટે મુંબઈ આવ્યા હતા.

### બિહારના સ્વાસ્થ્ય મંત્રીના રાજીનામાની માંગ

બિહારમાં બાળકોના મોતના મામલે આખરે આરજેડીએ કાર્યવાહીની માંગ કરી છે. ઘણા દિવસો સુધી મૌન રહ્યા બાદ આખરે આરજેડીના શિવાનંદ તિવારીએ સ્વાસ્થ્ય મંત્રી મંગલ પાંડેનું રાજીનામુ માંગ્યુ છે.

### ઈમરાનની પાર્ટીના નેતાએ પત્રકારને માર્યો

પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાનખાનની પાર્ટી પાકિસ્તાન તહરીક એ ઈન્સાફના નેતાએ ન્યૂઝ ચેનલ પર લાઈવ શો દરમ્યાન પત્રકારને માર માર્યો હતો. પીટીઆઈના નેતા મસરુર અલી સિયાલે કરાચી પ્રેસ ક્લબના અધ્યક્ષ ઈમ્તિયાઝ ખાન ફરનને લાઈવ શો દરમ્યાન માર માર્યો હતો. આ ઘટનાના વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યા છે.

### મહામંડલેશ્વર સ્વામી સત્યામિત્રાનંદ ગિરીનું નિધન

ભારત માતા મંદિરના સંસ્થાપક નિવર્તમાન શંકરાચાર્ય સ્વામી સત્યમિત્રાનંદનું આજે વહેલી સવારે નિધન થયું છે. આવતી કાલે તેમને સમાધિ આપવામાં આવશે. સોમવારે તેમની સ્થિતિ ખૂબ ગંભીર જણાવવામાં આવી હતી. ૯૦ વર્ષ કરતાં વધારે ઉંમર હોવાના કારણે સ્વામી સત્યમિત્રાનંદને ફેફસામાં ટ્યૂમર અને શ્વાસ લેવામાં તકલીફ થવાની બીમારી હતી.

## કોંગી ગાંધી પરિવારથી બહાર નિકળી શકી નથી : નરેન્દ્ર મોદી

**રાષ્ટ્રપતિના અભિભાષણ ઉપર આભાર પ્રસ્તાવનો જવાબ આપ્યો : ઇમરજન્સી કોર્ટના અનાદરનો દાખલો : નવી સરકારે ત્રણ સપ્તાહમાં અનેક નિર્ણયો કર્યા : દરરોજ ત્રણ મોટા નિર્ણય સાથે સરકાર આગળ વધી : નરેન્દ્ર મોદી**

નવી દિલ્હી,તા. ૨૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે લોકસભામાં વિપક્ષ ઉપર આકરા પ્રહાર કર્યા હતા. પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીને ભારત રત્ન આપવાના પોતાની સરકારનો ઉલ્લેખ કરતા તેમણે વિપક્ષ ઉપર આકરા પ્રહાર કર્યા હતા અને કહ્યું હતું કે, અગાઉની સરકારોનું યોગદાન મોદી સરકાર ગણી રહ્યા નથી તેવા આક્ષેપ આધારવગરના છે. મોદીએ કહ્યું હતું કે, ગઈકાલે લોકસભામાં નારેબાજી થઈ હતી. આજે ૨૫મી જૂન છે. ઘણા લોકોને તો આની માહિતી પણ નથી કે ૨૫મી જૂનના દિવસે શું થયું હતું. નજીકના લોકોને પુછવાની ફરજ પડે છે. આવી સ્થિતિમાં આ યાદ અપાવવાની જરૂર છે કે, ૨૫મી જૂનની રાત્રે આજથી ૪૪ વર્ષ પહેલા દેશના આત્માને કચડી નાંખવામાં આવ્યો હતો. તેમણે કહ્યું હતું કે, માત્ર પોતાની સત્તાને બચાવવા માટે દેશને જેલખાનું બનાવી દેવામાં આવ્યું હતું. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના કહ્યું હતું કે, પાર્ટીએ ક્યારે પણ ગાંધી-નહેરુ પરિવારમાંથી સભ્યો સિવાય અન્ય કોઈ સભ્યોને આગળ લાવવા માટે પ્રયાસ કર્યા ન હતા.



અભિભાષણ ઉપર આભાર પ્રસ્તાવ પર ચર્ચા બાદ જવાબ આપતા મોદીએ પોતાની બીજી અવધિની ત્રણ સપ્તાહની સિદ્ધિઓનો પણ ઉલ્લેખ કર્યો હતો. કોંગ્રેસ ઉપર પ્રહાર કરતા વડાપ્રધાને રાષ્ટ્રપતિના ભાષણ ઉપર ચર્ચાનો જવાબ આપતા મોદીએ કહ્યું હતું કે, કોંગ્રેસે પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયી અને નરસિંહા રાવના સારા કામની પ્રશંસા કરી ન હતી. તેમણે કહ્યું હતું કે, રાષ્ટ્રીય પ્રગતિમાં કેટલાક યોગદાન આપનાર લોકોને યાદ કરવામાં આવતા નથી પરંતુ અન્ય પાર્ટીઓની ટિકા થતી રહે છે. મોદીએ કહ્યું હતું કે, ભારતમાં લોકશાહી બંધારણના પેજમાંથી જન્મી નથી. ભારતમાં લોકશાહી દશકોથી અમારા આત્મા તરીકે છે પરંતુ ૨૫મી જૂનના દિવસે અડધી રાત્રે તેને કચડી નાંખવામાં આવી હતી. મિડિયાની સ્વતંત્રતા આંચકી લેવામાં આવી હતી. દેશના મહાપુરુષોને જેલ ભેગા કરી દેવામાં આવ્યા હતા. માત્ર સત્તા બચાવવા માટે આ તમામ પ્રયાસો થયા હતા.


મોદીએ કહ્યું હતું કે, આજે ફરી એકવાર લોકશાહી પ્રત્યે સંકલ્પને સમર્પિત કરવાની જરૂર છે. તે વખતે જે લોકો પણ આ પાપના ભાગીદાર હતા તે દાગ ક્યારે પણ દૂર થનાર નથી. આ બાબત યાદ કરવી પણ જરૂરી છે.

## આઈસલેન્ડ સતત ૧૨માં વર્ષે સૌથી શાંતિપૂર્ણ રાષ્ટ્ર

**સૌથી શાંતિપૂર્ણ દેશોની યાદીમાં યુરોપિયન દેશોનું પ્રભુત્વ રહ્યું : ન્યુઝીલેન્ડ યાદીમાં બીજા, અમેરિકા ૧૨૮માં ક્રમાંકે**

નવી દિલ્હી, તા. ૨૫

વિશ્વભરમાં સૌથી શાંતિપૂર્ણ દેશ માટેની યાદી જારી કરી દેવામાં આવી છે. આ યાદીમાં ન્યુઝીલેન્ડ વિશ્વમાં બીજા સ્થાને છે જ્યારે આઈસલેન્ડ પ્રથમ સ્થાને છે. જુદા જુદા પાસાઓને આવરી લઈને આ યાદી તૈયાર કરવામાં આવી હતી. આ વર્ષમાં વૈશ્વિક શાંતિ ઈન્ડેક્સમાં ન્યુઝીલેન્ડ બીજા સ્થાને રહ્યું છે. લશ્કરી ખર્ચ અને સંઘર્ષ તથા ત્રાસવાદમાં મોત, હિંસામાં અંદાજિત આર્થિક ખર્ચ સહિતના જુદા જુદા પાસાઓને આવરી લઈને ૧૬૩ દેશોને લઈને અભ્યાસની કામગીરી હાથ ધરવામાં આવી હતી જેમાં આ બાબત ઉભરીને સપાટી ઉપર આવી છે. આઈસલેન્ડ ફરી એકવાર પ્રથમ સ્થાને રહ્યું છે. શાંતિ માટે સ્વર્ગ સમાન રહેલા આઈસલેન્ડની સતત ૧૨માં વર્ષે પ્રથમ ક્રમ તરીકે પસંદગી થઈ છે. આ અભ્યાસ કરનાર સંશોધકોએ આઈસલેન્ડમાં ઘટતા જતા હત્યાના રેટ અને સંયુક્ત રાષ્ટ્ર શાંતિ જાળવણીમાં ફંડિંગમાં વધારાની બાબતને પણ ઉપયોગી ગણવામાં આવે છે. મજબૂત સંસ્થાઓ, માળખાઓના લીધે આઈસલેન્ડમાં સંપૂર્ણ શાંતિ જળવાઈ છે અને દેશના લોકો ખુબ શાંતિપૂર્ણ જીવન ગાળી રહ્યા છે. ન્યુઝીલેન્ડ ક્રાઈસ્ટચર્ચમાં થોડાક સમય પહેલા મસ્જિદમાં કરવામાં આવેલા આતંકવાદી હુમલા છતાં પણ બીજા ક્રમાંકે છે. કારણ કે આ દેશમાં આ પ્રકારના ડિઝાસ્ટરનો સામનો કરવામાં લોકો આગળ આવ્યા છે. શાંતિપૂર્ણરીતે લોકો જીવન ગાળી રહ્યા છે. આ દેશે પણ પોતાના અન્ય સ્કોરમાં સુધારો કર્યો છે. ન્યુઝીલેન્ડે ૨૩ પરિબળો પૈકીના ૨૨માં તેના સ્કોરમાં સુધારો કરી દીધો છે પરંતુ આતંકવાદની અસરમાં કેટલાક પરિબળો નબળા પડ્યા છે. અત્રે નોંધનીય છે કે, ૧૫મી માર્ચ ૨૦૧૯ના દિવસે ન્યુઝીલેન્ડમાં



ક્રાઈસચર્ચમાં બે મસ્જિદ પર આતંકવાદી હુમલો કરાયો હતો જેમાં ૫૧ લોકોના મોત થયા હતા. પાંચ અન્ય પરિબળોમા સુધારો થતાં ન્યુઝીલેન્ડે વિશ્વભરમાં બીજા શાંતિપૂર્ણ દેશ તરીકે સ્થાન મેળવવી લેવામાં સફળતા મેળવી છે. યાદીમાં પોર્ટુગલ ત્રીજા અને ઓસ્ટ્રેલિયા ચોથા સ્થાને છે. ડેન્માર્ક પાંચમાં સ્થાન પર છે. યુરોપિયન દેશોનું પ્રભુત્વ આ યાદીમાં રહેલું છે. યુરોપ વિશ્વમાં સૌથી શાંતિપૂર્ણ ક્ષેત્ર તરીકે છે. કેટલાક વર્ષોમાં સ્થિતિ વણસી હોવા છતાં અહીં ઉલ્લેખનીય સુધારો થયો છે. આ પરિબળોમાં સુધારો છતાં યુરોપમાં એકંદરે રાજકીય પર્યાવરણ અનિશ્ચિત રહ્યું છે. રાષ્ટ્રવાદ અને આતંકવાદ જેવા ખતરાઓ રહ્યા છે જે શાંતિ સામે સંકટ સમાન છે. જાપાન જે વિશ્વ પાવરમાં નેતૃત્વ કરે છે તે આ યાદીમાં નવમાં સ્થાને અને જર્મની ૨૨માં, બ્રિટન ૪૫માં અને ફ્રાંસ ૬૦માં સ્થાને છે.

## અમેરિકાએ ઈરાન પર પ્રતિબંધ લગાવ્યા

વૉશિંગ્ટન,તા.૨૫

અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સોમવારે ઈરાન પર વધુ કડક પ્રતિબંધ લગાવ્યા છે. હવે હુમલાના ૧૦ મિનિટ પહેલાં જ આ આદેશ પરત લઈ લેવામાં આવ્યો હતો.

ટ્રમ્પે ટ્રેઝરી સચિવ સ્ટીવન મેનુચિનની હાજરીમાં પ્રતિબંધ લગાવવાની કાર્યવાહીના આદેશ પર હસ્તાક્ષર કર્યા છે. આ દરમિયાન તેમણે કહ્યું કે, અમે ઈરાનને ક્યારેય પરમાણુ હથિયાર નહીં બનાવવા દઈએ. અમે અત્યાર સુધી આ મામલે ઘણી ધીરજ રાખી છે પરંતુ હવે આગામી સમયમાં ઈરાન પર પ્રેશર બનાવીને રાખીશું. જ્યારે ટ્રમ્પને પૂછવામાં આવ્યું કે, શું આ ઈરાન દ્વારા કરવામાં આવેલા હુમલાનો જવાબ છે ત્યારે તેમણે હામાં જવાબ આપીને કહ્યું હતું કે, આ તો થવાનું જ હતું. હું અમુક ઈરાનીઓને જાણું છું જે લોકો ન્યૂયોર્કમાં રહે છે અને તે સારા લોકો છે.

**આઠ ઉચ્ચ સૈન્ય કમાન્ડર આર્થિક લાભ મેળવી શકશે નહિ : આ પ્રતિબંધમાં ઇરાનના સર્વોચ્ચ નેતા અયાતુલ્લા અમી ખૌમેની પણ સામેલ**

ઈરાનના સર્વોચ્ચ નેતા અયાતુલ્લા અલી ખૌમેની અને તેમની સેનાના આઠ ઉચ્ચ સૈન્ય કમાન્ડર અમેરિકામાં આર્થિક લાભ મેળવી શકશે નહીં. ઈરાન દ્વારા ગયા બુધવારે અમેરિકન જાસુસી ડ્રોન તોડી પાડ્યા પછી ટ્રમ્પે આ નિર્ણય લીધો છે. આ પહેલાં ટ્રમ્પે શુક્રવારે ઈરાન પર હુમલો કરવાનો પણ આદેશ આપ્યો હતો. પરંતુ

